BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )

Azadi Ka Amrit Mahotsav

**પરિપત્ર:**

## વિષય: ચતુર્થ યુવક મહોત્સવ – ૨૦૨૨નાં પ્રવેશ પત્રો (Entry Form) ભરવા બાબત

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અને સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ અને સાંસ્કૃતિક કો-ઓર્ડિનેટરશ્રીઓ તેમજ માન્ય સંસ્થાઓનાં વડાઓને જણાવવાનું કે, યુનિવર્સિટીનાં ચતુર્થ યુવક મહોત્સવ તારીખ ૨૩-૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૨ દરમ્યાન શ્રી પટેલ વિધાર્થી આશ્રમ ટ્રસ્ટ સંચાલિત, યુ.કે.વાછાણી મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કોલેજ દ્વારા ટ્રસ્ટ સંચાલિત સ્વનિર્ભર પી.વી.એમ સાયન્સ કોલેજ, કેશોદ ખાતે આયોજીત કરવામાં આવેલ છે. આ સંદર્ભે યુવક મહોત્સવમાં ભાગ લેવા ઈચ્છુક વિધાર્થીઓનાં પ્રવેશ પત્રો તા: ૧૭/૦૯/૨૦૨૨ સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં પી.વી.એમ સાયન્સ કોલેજ, વેરાવળ રોડ, કેશોદ ખાતે નિર્ધારિત ફી રૂપિયા ૫૦૦/- સાથે જમા કરાવવાનું જણાવવામાં આવે છે. તેમજ નીચે જણાવેલ બાબત ધ્યાને લઇ સ્પર્ધકોનાં જરૂર મુજબનાં ડોકયુમેન્ટસ જમા કરાવવાના રહેશે.

- યુવક મહોત્સવ માર્ગદર્શિકાનાં સામાન્ય નિયમો મુજબ ૧ જુલાઈ, ૨૦૨૨નાં રોજ જેની ઉંમર ૨૫ વર્ષ ન થતી હોય તેવા વિધાર્થીઓ ભાગ લઇ શકશે. (૨૫ વર્ષથી ઉપરની ઉંમરનાં વિધાર્થીઓ ભાગ લઇ શકશે નહિ)
- ઉંમરનાં પુરાવા તરીકે સ્પર્ધકનું લીવીંગ સર્ટીફીકેટ, આધાર કાર્ડ પ્રવેશ ફોર્મ સાથે જમા કરાવવાનું રહેશે.
- પ્રવેશ પત્રો (Entry Forms) અને માહિતી પુસ્તિકા આ સાથે વેબસાઈટ ઉપર અપલોડ કરેલ છે જેનો સંપૂર્ણ અભ્યાસ કરી વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી ભરાયેલ એન્ટ્રી ફોર્મ ઉપર જણાવ્યા મુજબ તા: ૧૭/૦૯/૨૦૨૨ ને સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં રૂપિયા ૫૦૦/- એન્ટ્રી ફીસ સાથે પી.વી.એમ સાયન્સ કોલેજ, વેરાવળ રોડ, કેશોદ ખાતે રજૂ કરી દેવાના રહેશે. ત્યારબાદ આવેલી એન્ટ્રી ધ્યાને લેવામાં આવશે નહિ. તેમજ અધૂરી માહિતી ભરેલા ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.
- દરેક સંસ્થાઓએ ઓછામાં ઓછા એક અને વધુમાં વધુ ત્રણ (૦૩) ટીમ મેનેજરોની નિમણૂક કરવાની રહેશે.
- એક વિધાર્થી સ્પર્ધક વધુમાં વધુ ૩ સ્પર્ધામાં ભાગ લઇ શકશે.
- તમામ સ્પર્ધાઓમાં માત્ર ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે નોંધાયેલ વિધાર્થીઓ જ ભાગ લઇ શકશે.
- યુથ ફેસ્ટીવલ સ્પર્ધાત્મક હોઈ જે સ્પર્ધા માટે ૩ થી ઓછી એન્ટ્રી આવશે તે સ્પર્ધા આપોઆપ રદ થશે.
- નૃત્ય વિભાગની સ્પર્ધાઓમાં ફિલ્મી ગીતો કે અન્ય રેકર્ડ/સીડી ઉપર નૃત્ય રજૂ કરી શકાશે નહી.
- યુવક મહોત્સવ અવસર – ૨૦૨૨ નાં આયોજન તેમજ અન્ય સૂચનાઓ માટે દરેક સંસ્થાઓનાં ટીમ મેનેજરોની મીટીંગ તા: **૧૯/૯/૨૦૨૨નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે સુધીમાં પી.વી.એમ સાયન્સ કોલેજ, વેરાવળ રોડ, કેશોદ** ખાતે રાખવામાં આવેલ છે.
- પ્રત્યેક સંસ્થાએ સ્પર્ધકોનો અને સાથે આવનાર ટીમ મેનેજરનાં આવવા – જવાનો તથા રહેવા જમવાનો ખર્ચ સ્વયં ભોગવવાનો રહેશે અથવા યજમાન સંસ્થાએ જે વ્યવસ્થા કરી હશે તેને સહયોગ આપવાનો રહેશે.
- ભાઈઓ તથા બહેનોની રહેવા માટેની વ્યવસ્થા યજમાન સંસ્થા તરફથી કરવામાં આવશે.

સરકારી પોલિટેકનિક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા,
જૂનાગઢ – ૩૬૨૨૬૩, ગુજરાત (ભારત),
ફોન નં. ૦૨૮૫ – ૨૬૮૧૪૦૦ ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh - 362263 ( Gujarat )
Ph: 0285 - 2681400 fax : 0285 - 2681503

www.bknmu.edu.in info@bknmu.edu.in Bhakta Kavi Narsinh Mehta University Junagadh Bhakta Kavi Narsinh Mehta University Junagadh

- યુવક મહોત્સવ દરમ્યાન જો કોઈ સ્પર્ધક કે સંસ્થા અશિસ્તનું આચરણ કરશે, અશોભનીય વર્તન કરશે કે અવ્યવસ્થા ઉભી કરવાનો પ્રયાસ કરશે તો તેવા સ્પર્ધક કે સંસ્થા સામે આકરી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. તે અંગે અલગથી સ્પષ્ટતા કરવામાં આવી છે.
- ટીમ મેનેજરો અને સ્પર્ધકોએ પોતાનું આઈ – કાર્ડ સાથે રાખવું જે સ્પર્ધાના સમયે સબંધિત અધિકારીને બતાવવાનું રહેશે.
- યુવક મહોત્સવ સ્પર્ધા શરૂ થતા પહેલા કે સ્પર્ધા શરૂ હોય ત્યારે કોઈપણ પ્રકારનાં વિરોધ/વાંધા/આપતી હોય તો જે તે સંસ્થાના ટીમ મેનેજર ડિપોઝીટ નાં રૂ.૫૦૦/- (પાંચસો રૂપિયા) ભરી લેખિતમાં પોતાની રજૂઆત કરવાની રહેશે. જેનો ઉકેલ લવાદ સમિતિ દ્વારા કરવામાં આવશે.
- યુવક મહોત્સવ – ૨૦૨૨ માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવનાર સંસ્થાઓને અનુક્રમે ચેમ્પિયનશીપ, ફર્સ્ટ રનર્સ અપ અને સેકન્ડ રનર્સ અપ જાહેર કરવામાં આવશે. જેનું ગુણાંકન નીચે મુજબ થશે.

| સામૂહિક સ્પર્ધાઓ | |
|---|---|
| પ્રથમ | ૧૦ પોઈન્ટ |
| દ્વિતીય | ૦૫ પોઈન્ટ |
| તૃતીય | ૦3 પોઈન્ટ |

| વ્યક્તિગત સ્પર્ધાઓ | |
|---|---|
| પ્રથમ | ૧૦ પોઈન્ટ |
| દ્વિતીય | ૦૫ પોઈન્ટ |
| તૃતીય | ૦3 પોઈન્ટ |

- વિભિન્ન સ્પર્ધાઓની સંક્ષિપ્ત માહિતી

| ક્રમ | કૃતિ/સ્પર્ધા | વિદ્યાર્થી સ્પર્ધકોની સંખ્યા | સહાયકોની સંખ્યા | સમય મિનીટ |
|---|---|---|---|---|
| | સંગીત વિભાગ | | | |
| ૧ | શાસ્ત્રીયકંઠ્ય સંગીત | ૧ | ૨ | ૧૦ |
| ૨ | શાસ્ત્રીય વાદ્ય સંગીત (તાલ વાદ્ય) | ૧ | ૨ | ૧૦ |
| 3 | શાસ્ત્રીય વાદ્યસંગીત (સ્વરવાદ્ય) | ૧ | ૨ | ૧૦ |
| ૪ | પશ્ચીમી વાદ્ય સંગીત (વ્યક્તિગત) | ૧ | ૨ | ૧૦ |
| ૫ | હળવું કંઠ્ય સંગીત(વ્યક્તિગત) | ૧ | ૨ | ૬ |
| ૬ | પશ્ચીમી કંઠ્ય સંગીત (વ્યક્તિગત) | ૧ | ૧ | ૬ |
| ૭ | સમૂહગીત(ભારતીય) | ૬ | 3 | ૧૦ |
| ૮ | સમૂહગીત(પશ્ચીમી) | ૬ | 3 | ૧૦ |
| ૯ | ભજન | ૧ | ૨ | ૭ |
| ૧૦ | દુહા-છંદ | ૧ | ૨ | ૫ |
| ૧૧ | લોકગીત | ૧ | ૨ | ૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | સમૂહવાદ્યગીત | ૯ | 3 | ૧૦ |
| ૧૩ | નરસિંહ મહેતાપદ ગાન | ૧ | 3 | ૫ |
| | **નૃત્યવિભાગ** | | | |
| ૧૪ | લોક નૃત્ય /આદિવાસી નૃત્ય /પ્રાચીન રાસ | ૧૦ | ૫ | ૧૦ |
| ૧૫ | શાસ્ત્રીય નૃત્ય | ૧ | 3 | ૧૫ |
| | **સાહિત્ય વિભાગ** | | | |
| ૧૬ | પ્રશ્ન મંચ | 3 | ૦ | ૦ |
| ૧૭ | વકતૃત્વ કલા | ૧ | ૦ | ૫ |
| ૧૮ | ડીબેટ | ૨ | ૦ | ૫ |
| ૧૯ | કાવ્ય પઠન | ૧ | ૦ | ૫ |
| ૨૦ | શોર્ટ ફિલ્મ | ૧ | ૦ | ૫ |
| | **નાટ્ય વિભાગ** | | | |
| ૨૧ | એકાંકી | ૯ | 3 | 30 |
| ૨૨ | લઘુનાટક | ૬ | 3 | ૧૦ |
| ૨૩ | મુક અભિનય | ૬ | ૨ | ૫ |
| ૨૪ | મિમિક્રી | ૧ | ૦ | ૫ |
| | **લલિત કલા અને સર્જનાત્મકતા વિભાગ** | | | |
| ૨૫ | તત્કાલ ચિત્ર સ્પર્ધા | ૧ | ૦ | ૧૫૦ |
| ૨૬ | રંગોલી | ૧ | ૦ | ૧૫૦ |
| ૨૭ | કોલાઝ | ૧ | ૦ | ૧૫૦ |
| ૨૮ | પોસ્ટર મેકિંગ | ૧ | ૦ | ૧૫૦ |
| ૨૯ | કાર્ટુનીંગ | ૧ | ૦ | ૧૫૦ |
| 30 | કલે મોડેલીંગ | ૧ | ૦ | ૧૫૦ |
| 3૧ | તત્કાલ છબીકલા | ૧ | ૦ | ૧૫૦ |
| 3૨ | મહેંદી | ૧ | ૦ | ૧૫૦ |
| 33 | ઇન્સ્ટોલેશન | ૧ | ૦ | ૧૫૦ |
| 3૪ | ***કલાયાત્રા*** યુથ ફેસ્ટીવલ નાં ઉદઘાટન પ્રસંગે કલાયાત્રા પ્રસ્થાન થશે જેમાં કોઈ થીમ પર કોલેજ/સંસ્થા ના વિદ્યાર્થી ઓ પ્રસ્તુતિ કરશે સંખ્યા ણી કોઈ મર્યાદા નથી. | | | |

- સવિશેષ માહિતી અને માર્ગદર્શન માટે bknmuavsar2022@gmail.com ઉપર ઈ-મેઈલ દ્વારા અથવા યુવક મહોત્સવનાં સંયોજકોનો સંપર્ક કરવો.

  ડૉ. વિશાલભાઈ જોષી – 9824350437

  ડૉ. ઓમ જોષી: ૯૪૨૯૨૫૭૨૩૫

  ડૉ. ઋષિરાજ ઉપાધ્યાય: ૮૧૫૫૦૫૮૦૦૧

  ડૉ. અનીતાબા ગોહિલ – ૯૨૬૫૩૫૮૪૩૫

  ડૉ. સી.બી. કગથરા – ૯૯૨૫૮૭૦૨૦૬
- વધુ વિગતો હવે પછી સમયાંતરે વેબસાઈટ પર મુકવામાં આવશે જેની નોંધ લેવી.

કલ્ચરલ કો-ઓર્ડીનેટર
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી,
જૂનાગઢ

રજીસ્ટ્રારશ્રી
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી,
જૂનાગઢ

ક્રમાંક:બીકેએનએમયુ/એકેડેમિક/૧૪૩૭/૨૦૨૨
તા: ૦૯/૦૯/૨૦૨૨

પ્રતિ,

યુનિવર્સિટી અને સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીઓ અને સાંસ્કૃતિક કો-ઓર્ડિનેટરશ્રીઓ તેમજ માન્ય સંસ્થાઓનાં વડાઓશ્રીઓ તરફ

નકલ રવાના:

- માન.કુલપતિશ્રીના રહસ્યસચિવશ્રી તરફ..
- આઈ.ટી સેલ, વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અર્થે....